
TORONTO PUBLIC LIBRARY
37131 188 736 144
SC Scarborough Civic Centre

English - Gujarati

Jack and the beanstalk

જેક અને વેલો



JJ
8.20942
C

© Publishers 2013

Published in India by
Tales & Fables
(a unit of Star Publishing Group, India)
4/5, Asaf Ali Road, New Delhi-110 002
www.starpublic.com
Email : talesandfables@starpublic.com

Printed at
Star Print O Bind, New Delhi-110 020

Jack and the Beanstalk

જેક અને વેલો

English - Gujarati



TALES & FABLES

Excellence in Children Books



Once upon a time there was a young boy named Jack. He lived with his widow mother in a little hut. They were very poor.

One day, when Jack and his mother had no money to buy food, they decided to sell their cow.

એક વખત એક નાનો છોકરો હતો જેનું નામ જેક હતું. તે તેની વિધવા મા સાથે એક નાની ઝુંપડીમાં રહેતો હતો. તેઓ બહુ જ ગરીબ હતા.

એક દિવસ, જ્યારે જેક અને તેની મા પાસે ખાવાનું ખરીદવા માટે પૈસા ન હતા, ત્યારે તેમણે પોતાની ગાયને વેચી નાંખવાનું નક્કી કર્યું.



When Jack was on his way to sell the cow in the market, he met an old man. “Where are you going, Jack?” the old man asked.

“I’m going to sell our cow so that we can have some money to buy food,” Jack said.

“Sell the cow to me and I’ll give you something that will make you rich,” the old man said.

જ્યારે જેક ગાયને વેચવા માટે બજારમાં જવાનાં રસ્તે જઈ રહ્યો હતો, ત્યારે તેને એક ઘરડો માણસ મળ્યો. "તું ક્યાં જાય છે, જેક?" ઘરડા માણસે પૂછ્યું.

"હું અમારી ગાય વેચવા જાઉં છું જેથી અમારી પાસે ખાવાનું ખરીદવા માટે થોડાક પૈસા હોય," જેકે કહ્યું.

"તું મને ગાય વેચ અને હું તને એક એવી વસ્તુ આપીશ જે તને ધનવાન બનાવશે," ઘરડા માણસે કહ્યું.



Jack agreed and sold the cow to the old man. The man handed Jack a handful of beans in return for the cow. “These beans are magical and will make you rich,” said the old man as he walked away with the cow.

જેકે હા પાડી અને ગાયને તે ઘરડા માણસને વેચી નાંખી. ગાયની સામે તે માણસે જેકને એક મુઠ્ઠી ભરીને દાણા આપ્યા. "આ દાણા જાદુઈ છે અને તે તને ધનવાન બનાવશે," તે ઘરડા માણસે ગાયને ચાલતા લઈ જતા કહ્યું.



Jack was very excited, and ran home to tell his mother how the magical beans would make them rich. But when he showed the beans to his mother, she got very angry.

"You should have sold the cow for money. Now what will we eat?" she cried. She took the beans and threw them out of the window.

જેક ઘણો ઉત્સાહમાં આવી ગયો અને દોડીને તેની માને જાદુઈ દાણા તેમને કેવી રીતે ધનવાન બનાવશે તે કહેવા ઘરે ગયો. પણ જ્યારે તેણે તેની માને દાણા દેખાડ્યા ત્યારે તે ઘણી ગુસ્સે થઈ.

"તારે ગાયને પૈસા માટે વેચવી જોઈતી હતી. હવે આપણે શું ખાશું?" તે રોઈ. તેણે દાણા લીધા અને તેને બારીમાંથી ફેંકી દીધા.



When Jack and his mother woke up the next day, they saw that a beanstalk had grown up in their garden overnight into the sky. Jack decided to see how far it went, so he started climbing up the beanstalk. He kept climbing up and up until he was above the clouds.

જ્યારે જેક અને તેની મા બીજે દિવસે જાગીને ઊઠ્યા, ત્યારે તેમણે જોયું કે તેમના બગીચામાં રાતોરાત આકાશ સુધી પહોંચતો એક વેલો ઊગી નીકળેલ. જેકે એ ક્યાં સુધી પહોંચે છે તે જોવાનું નક્કી કર્યું, એટલે તે એ વેલાની દાંડી પર ચડવા મંડ્યો. એ ઉપરને ઉપર ચડવા માંડ્યો અને વાદળોથી પણ ઉપર પહોંચી ગયો.



Jack looked around and saw a castle. Just then, a beautiful fairy appeared and warned, “The greedy giant of this castle ate your father long ago and stole your family’s riches. Be careful because if he finds you, he will eat you too!” Then the fairy vanished.

જેકે ચારે બાજુ નજર ફેરવી અને તેણે એક કિલ્લો જોયો. એ જ વખતે એક સુંદર પરી દેખાણી અને તેણે તેને ચેતવણી આપી,"આ કિલ્લાનો લોભી રાક્ષસ તારા બાપને વર્ષો પહેલા ખાઈ ગયેલ અને તમારા કુટુંબની સંપત્તિ તેણે ચોરી લીધેલ. સાવચેત રહેજે કારણ કે જો તે તને જોશે તો તે તને પણ ખાઈ જશે!" એમ કહીને તે પરી અદૃશ્ય થઈ ગઈ.



Jack bravely walked up to the castle. At the door, he met a giantess and asked her for something to eat.

"I'll give you breakfast. But you must hurry because if my husband finds you here, he will eat you up!" said the kind giantess.

જેક હિંમતથી કિલ્લા સુધી ચાલ્યો. દરવાજા પાસે તેને એક રાક્ષસી મળી અને તેણે તેને કંઈક ખાવાનું દેવા માટે કહ્યું.

"હું તને સવારનો નાસ્તો આપીશ. પણ તારે ઉતાવળ કરવી પડશે, કારણ કે જો મારો પતિ તને અહિં જોશે તો તે તને ખાઈ જશે!" એમ તે દયાળુ રાક્ષસીએ કહ્યું.



The giantess took Jack into the castle. But before she could give him any breakfast, there was a loud knock at the front door.

“My husband has returned!” the giantess cried out.

Jack immediately ran and hid before the giant could see him.

રાક્ષસી જેકને કિલ્લામાં લઈ ગઈ. પરંતુ તે તેને કંઈ પણ ખાવાનું આપે તે પહેલા જ આગળનાં દરવાજે કોઈએ જોરથી ખખડાવ્યું.

"મારો પતિ પાછો આવ્યો છે!" રાક્ષસીએ મોટા અવાજે કહ્યું.

જેક તરત જ દોડ્યો અને રાક્ષસ તેને જોઈ શકે તે પહેલા તે છુપાઈ ગયો.



Just then, the giant walked in and roared, “I smell a man! Where is he? I’ll eat him for my breakfast!”

“Oh, how can a man come here?” the giantess said. “It’s only the smell of the ox that I have roasted for you.”

એ જ વખતે તે રાક્ષસ અંદર ચાલી આવ્યો અને તેણે બૂમ મારી, "મને અહિં એક માણસ હોય તેવી વાસ આવે છે! ક્યાં છે એ? હું તેને સવારનાં નાસ્તા માટે ખાઈશ!"

"ઓહ, પણ અહિં તો માણસ કેવી રીતે આવે?" રાક્ષસીએ કહ્યું. "એ તો ફક્ત એક બળદિયાની વાસ છે જેને મેં તમારા માટે શેકીને તૈયાર કરેલ છે."



The giant sat down at the table and started eating the ox. After he had finished his breakfast, he said to his wife, “Bring me my magic treasures. Bring me my money bag, my magic hen and golden harp!”

Jack was watching everything from his hiding place. He realised that the giant’s treasures could make him and his mother rich. They would never have to worry about food again.

રાક્ષસ ટેબલ સામે બેસી ગયો અને બળદને ખાવા લાગ્યો. તેનો નાસ્તો તેણે પૂરો ખાઈ લીધો ત્યાર પછી તેણે તેની પત્નીને કહ્યુ," મારા જાદુઈ ખજાના લાવ. મારી પૈસાની થેલી લાવ, મારી જાદુઈ કુકડી અને સોનેરી વીણા લાવ!"

જેક આ બધું તેની છુપાવાની જગ્યામાંથી જોઈ રહ્યો હતો. તેને ખ્યાલ આવી ગયો કે રાક્ષસનાં ખજાનાઓ તેને અને તેની માને ધનવાન બનાવી દેશે. ખાવાનાં ખોરાક માટે તેઓને ત્યાર પછી ક્યારેય પણ ચિંતા નહિ કરવી પડે.



The magic bag always remained full of gold coins. The hen laid golden eggs. And the golden harp played sweet music for its master!

જાદુઈ થેલી હંમેશા સોનાનાં સિક્કાથી ભરેલી રહેતી. કુકડી સોનાનાં ઈંડા મૂકતી. અને સોનેરી વીણા હંમેશા તેના માલિક માટે મધુર સંગીત વગાડતી!



The giant took out a handful of coins from the money bag, made the hen lay three golden eggs and told the harp to play some music. Soon after, the giant fell asleep.

રાક્ષસે પૈસાની થેલીમાંથી મુઠ્ઠી ભરીને સિક્કા કાઢ્યા, કુકડી પાસે ત્રણ સોનાનાં ઈંડા મૂકાવ્યા અને વીણાને કોઈ સંગીત વગાડવા કહ્યું. ત્યાર પછી તરત જ રાક્ષસને ઊંઘ આવી ગઈ.



While the giant was sleeping, Jack came out from hiding. He grabbed the giant's magical treasures and ran out of the castle. As he was running away, the magic harp called out and woke up the giant.

The giant saw Jack running away with his things and began chasing him down the beanstalk, yelling, "I'm going to eat you like I ate your father!"

રાક્ષસ જ્યારે સુતો હતો ત્યારે જેક તેની છુપાવાની જગ્યામાંથી બહાર આવ્યો. તેણે જાદુઈ ખજાના ઝડપીને લઈ લીધા અને દોડીને કિલ્લામાંથી બહાર નીકળી ગયો. જેવો તે બહાર દોડી રહ્યો હતો તે જ વખતે જાદુઈ વીણાએ અવાજ કર્યો અને રાક્ષસને જગાડી દીધો.

રાક્ષસે જેકને તેની વસ્તુઓ સાથે ભાગી જતો જોયો અને તેણે વેલા નીચે ઊતરતા અને રાડ પાડતા પાડતા તેનો પીછો કર્યો, "જેમ હું તારા બાપને ખાઈ ગયો હતો તેમ હું તને પણ ખાઈ જઈશ!"



But Jack was quicker and smarter than the giant. When he reached the ground, Jack picked up an axe and started to cut down the beanstalk while the giant was climbing down after him.

As the beanstalk fell to the ground, the giant came crashing down and died.

પણ જેક રાક્ષસ કરતા વધારે ઝડપી અને ચાલાક હતો. જેવો તે જમીન પર પહોંચી ગયો એટલે તરત જ તેણે કુહાડી લીધી અને રાક્ષસ તેની પાછળ ઊતરતો હતો તે વખતે તે વેલાને કાપવા મંડ્યો.

જેવો વેલો જમીન પર હેઠો પડ્યો એવો જ રાક્ષસ પણ પછડાઈને નીચે પડ્યો અને મરી ગયો.



Jack explained to his mother where he had been. He told her about the beautiful fairy and how the giant had eaten his father and robbed their family.

With the giant out of their lives for good, Jack and his mother had enough gold coins and golden eggs to make sure they would never be hungry again.

Jack's mother was very proud of her son and they lived happily ever after.

જેકે તેની માને તે ક્યાં ગયો હતો તે વિષે કહ્યું. એણે તે સુંદર પરી વિષે અને રાક્ષસ તેના બાપને કેવી રીતે ખાઈ ગયો હતો અને તેનાં કુટુંબને લૂંટી લીધેલ તે વિષે કહ્યું.


રાક્ષસ હવે તેમનાં જીવનમાંથી હંમેશ માટે નષ્ટ થઈ ગયેલ હોવાથી હવે જેક અને તેની મા પાસે પૂરતા સોનાનાં સિક્કા અને સોનાનાં ઈંડા હતા જેથી હવે પછી ફરી ક્યારેય પણ તેઓ ભુખ્યા રહેવાના નહોતા.

જેકની માને તેના પુત્ર વિષે ઘણો જ ગર્વ હતો અને ત્યાર પછી તેઓ હંમેશા સુખથી જીવ્યા.



This dual language series
of FAIRY TALES is available in
Hindi - Gujarati - Bengali - Urdu - Tamil - Punjabi
Arabic - Korean - Vietnamese - Mandarin - Spanish








TORONTO PUBLIC LIBRARY
37131 188 736 144







English - Gujarati

Jack and the beanstalk

જેક અને વેલો



Translated by : Transs Creations
and revised by Neerav Desai

TALES & FABLES
Excellence in Children Books

9 789382 809340

T2-BOO-044